| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૨ / ૦૪ / ૨૦૧૮ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૨ / ૦૪ / ૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | ૩૦ / ૧૧ / ૨૦૧૯ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૭ | ૧૭ |

सत्यमेव जयते

# મહેસાણાના ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**સેશન્સ કેસ નંબર– ૧૯/૨૦૧૮.**
આંક– ૧૦૨

ફરિયાદીઃ– – ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિ રૂ દ્ધ**

આરોપીઓઃ– ૧. રણા વિપુલસિંહ બળદેવજી, ઉં.વ.આ.૩૦,
૨. રણા બળદેવજી ચંદાજી, ઉં.વ.આ.૫૫,
બંન્ને રહે. ચાણસોલ, ભેંમજી વાસ, નાની ઓળ, તા.ખેરાલુ, જી.મહેસાણા.

**ગુન્હાનો ચાર્જઃ–** – ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.

---

સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી કે. એમ. જોષી.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી એલ. એચ. રાણા.

---

**––// જ જ મે ન્ટ //––**

(૧).. આ કામે ફરિયાદની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ મોજે ચાણસોલ ગામની સીમમાં પીપળીયા વાળા નામથી ઓળખાતા આંટામાં,

ખેતરોની વચ્ચે બનાવેલ ઓરડી આગળ, ફરિયાદીની દીકરી નામે મનિષાબેન ઉર્ફે ગુગી વા./ઓ. વિપુલસિંહ બળદેવજી રણા, ઉં.વ.આ.૨૮ નીના આરોપી નં.૧ પતિ તથા આરોપી નં.૨ સસરા તથા ચાર્જશીટ કોલમ નં.૨ માં જણાવેલ આરોપી સાસુ થતા હોઈ, ગઈ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે ઘર કંકાસ ના કારણે તથા આડા સંબંધો બાબતે વહેમ રાખી, પૂર્વયોજીત કાવતરૂં રચી, આરોપીઓએ ફરિયાદીની દીકરી મનિષાને કપાળના ભાગે લોખંડની કોશથી ગંભીર ઈજાઓ કરી, ખુન કરી, મોત નિપજાવી, પુરાવાનો નાશ કરી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટ સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોઈ ધોરણસર તપાસ થવા ફરિયાદીએ ફરિયાદ હકીકત પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ખેરાલુ પોલીસ સ્ટેશનનાઓ રૂબરૂ રજૂ કરતાં, ફરિયાદ હકીકતે ખેરાલુ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નં.૦૧/૨૦૧૮ થી ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ.

(૨).. તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ થયા બાદ આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ ખેરાલુના વિ. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરેલ. જેનો ક્રિમીનલ કેસ નં.૧૫૪/૨૦૧૮ નો પડેલ. જે ખેરાલુના વિ. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ સદરહું કેસ સેશન્સ ટ્રાયેબલ હોઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૨૦૯ મુજબ અત્રેની કોર્ટમાં કેસ કમીટ કરી મોકલી આપેલ.

(૩).. ત્યારબાદ, આરોપીઓ મુદતે હાજર થતાં આરોપીઓને કેસ પેપર્સની નકલ

મળી ગયાની ખાત્રી થયા બાદ ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લઈ, આંક–૫ થી ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૫ થી ફરમાવી, આરોપીઓની આંક–૬ અને ૭ મુજબ પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪).. ફરિયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**–// મૌખિક પુરાવો //–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ, ડૉ. અલ્કેશ ભોગીલાલ શાહ ની જુબાની. | ૧૦ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ, રણા ભરતસિંહ રજુજી ની જુબાની. | ૧૭ |
| ૩. | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ, રાજપુત ભાથીજી જોરાજી ની જુબાની. | ૧૯ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ, રણા હંસાબેન ખુશાલજી ની જુબાની. | ૨૦ |
| ૫. | જ્યાં લાશ પડેલી હતી તે ઘરના પંચનામાના પંચ સાહેદ, રાજગોર અશ્વિનકુમાર શાંતિલાલ ની જુબાની. | ૨૧ |
| ૬. | જ્યાં લાશ પડેલી હતી તે ઘરના પંચનામાના પંચ સાહેદ, રણા અરવિંદસિંહ ગોબરજી ની જુબાની. | ૨૫ |
| ૭. | ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, રણા પ્રવિણજી પથુજી ની જુબાની. | ૨૬ |
| ૮. | ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, રણા અસુજી લક્ષ્મણજી ની જુબાની. | ૩૮ |

## –// મૌખિક પુરાવો //–

| | | |
|---|---|---|
| ૯. | લાશ ઉપરથી કપડાં કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ, રાજપુત પરબતસિંહ ગંભીરજી ની જુબાની. | ૩૯ |
| ૧૦. | લાશ ઉપરથી કપડાં કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ, ઠાકોર ભરતજી ઈશ્વરજી ની જુબાની. | ૪૫ |
| ૧૧. | આરોપી, વિપુલસિંહની શરીરસ્થિતિ અંગેના પંચનામાના પંચ સાહેદ, હડિયોલ અરવિંદજી જગુજી ની જુબાની. | ૪૬ |
| ૧૨. | આરોપી, વિપુલસિંહની શરીરસ્થિતિ અંગેના પંચનામાના પંચ સાહેદ, હડિયોલ અજયજી ભમુજી ની જુબાની. | ૫૧ |
| ૧૩. | આરોપી, વિજયાબેનની શરીરસ્થિતિ અંગેના પંચનામાના પંચ સાહેદ, સથવારા નીકીતાબેન વસંતભાઈ ની જુબાની. | ૫૩ |
| ૧૪. | આરોપી, વિજયાબેનની શરીરસ્થિતિ અંગેના પંચનામાના પંચ સાહેદ, શુકલ કોકિલાબેન જનાર્દનભાઈ ની જુબાની. | ૫૯ |
| ૧૫. | ફરિયાદી, વિહોલ દેવાજી શિવાજી ની જુબાની. | ૬૦ |
| ૧૬. | સાહેદ, વિહોલ પ્રકાશબા દેવાજી ની જુબાની. | ૬૩ |
| ૧૭. | સાહેદ, વિહોલ પરથીજી શિવાજી ની જુબાની. | ૬૪ |
| ૧૮. | સાહેદ, દેવીપુજક સુરેશભાઈ કાન્તીભાઈ ની જુબાની. | ૭૧ |
| ૧૯. | સાહેદ, મોચી વસંતકુમાર જશવંતલાલ ની જુબાની. | ૭૨ |
| ૨૦. | પોલીસ સાહેદ, ચૌધરી અશોકભાઈ રઘજીભાઈ, પી.એસ.ઓ. ની જુબાની. | ૭૩ |
| ૨૧. | તપાસ કરનાર અમલદાર, મેઘરાજ નાથાલાલ હર્ષ, ઈ.ચા. પી.આઈ. ની જુબાની. | ૭૬ |
| ૨૨. | તપાસ કરનાર અમલદાર, સોલંકી ગજેન્દ્રસિંહ અજીતસિંહ, ઈ.ચા. પી.આઈ. ની જુબાની. | ૯૮ |

## –// દસ્તાવેજી પુરાવો //–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મનીષાબેન વિપુલસિંહ રણાની પી.એમ. નોટ | ૧૧ |
| ૨. | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ. | ૧૨ |
| ૩. | લાશ ઉપરથી લેવામાં આવેલ નમુના એફ.એસ.એલ. માં મોકલ્યા અંગેનું ફોર્મની ઓ.સી. | ૧૩ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામું. | ૧૮ |
| ૫. | જ્યાં લાશ પડેલી હતી તે ઘરનું પંચનામું. | ૨૨ |
| ૬. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ અને ૨ ઉપરની પંચસ્લીપો. | ૨૩ અને ૨૪ |
| ૭. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. | ૨૭ |
| ૮. | મુદ્દામાલ આર્ટીકલ નં.૩ થી ૧૨ ઉપરની પંચસ્લીપો. | ૨૮ થી ૩૭ |
| ૯. | લાશ ઉપરથી કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું. | ૪૦ |
| ૧૦. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૩ થી ૧૫ ઉપરની પંચસ્લીપો. | ૪૧ થી ૪૩ |
| ૧૧. | આરોપી, વિપુલસિંહની શરીરસ્થિતિ અંગેનું પંચનામું. | ૪૭ |
| ૧૨. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ થી ૧૯ ઉપરની પંચસ્લીપો. | ૪૮ થી ૫૦ |
| ૧૩. | આરોપી, વિજયાબેનની શરીરસ્થિતિ અંગેનું પંચનામું. | ૫૪ |
| ૧૪. | મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ થી ૨૩ ઉપરની પંચસ્લીપો. | ૫૫ થી ૫૮ |
| ૧૫. | ફરિયાદીની ફરિયાદ. | ૬૧ |
| ૧૬. | વિપુલસિંહ બળદેવસિંહ રણાનું ખેરાલુ હોસ્પિટલનું સારવાર સર્ટીફીકેટ | ૬૭ |
| ૧૭. | વિપુલસિંહ રણાને તપાસ્યા અંગેના કેસ પેપર્સ | ૬૮ |
| ૧૮. | વિજયાબા બળદેવજી રણાનું ખેરાલુ હોસ્પિટલનું સારવાર સર્ટીફીકેટ | ૬૯ |

## –// દસ્તાવેજી પુરાવો //–

| | | |
|---|---|---|
| ૧૯. | વિજયાબા રણાને તર્પાચા અંગેના કેસ પેપર્સ | ૭૦ |
| ૨૦. | સ્ટેશન ડાયરી પાના નં. ૮૨ ની ખરી નકલ. | ૭૪ |
| ૨૧. | ડેપ્યુટ હુકમ. | ૭૫ |
| ૨૨. | ગુન્હો રજીસ્ટર્ડ કરવા કરેલ રીપોર્ટ. | ૭૭ |
| ૨૩. | ઈ.પી.કો. કલમ–૨૦૧ નો ઉમેરો કરવા કરેલ રીપોર્ટ. | ૭૮ |
| ૨૪. | ગંભીર ગુન્હા અંગે કરેલ રીપોર્ટ. | ૭૯ |
| ૨૫. | લાશ સાથે મોકલેલ મરણોત્તર ફોર્મ. | ૮૦ |
| ૨૬. | મુદ્ધામાલ રવાનગી નોંધ. | ૮૧ |
| ૨૭. | મુદ્ધામાલ મળ્યા અંગેની પહોંચ. | ૮૨ |
| ૨૮. | જ્યાં લાશ પડેલી તે ઘરનો એફ.એસ.એલ. અધિકારી નો પ્રાથમિક અહેવાલ. | ૮૩ |
| ૨૯. | ઈકો ગાડીનો એફ.એસ.એલ. અધિકારી નો પ્રાથમિક અહેવાલ. | ૮૪ |
| ૩૦. | ૭/૧૨ અને ૮–અ નો ઉતારો મંગાવવા કરેલ રીપોર્ટ. | ૮૫ |
| ૩૧. | ૭/૧૨ અને ૮–અ ના ઉતારાને સંયુક્ત આંક. | ૮૬ |
| ૩૨. | સી.ડી.આર. ની માહિતી મંગાવવા કરેલ રીપોર્ટ. | ૮૭ |
| ૩૩. | મોબાઈલ નં.૭૫૭૫૦૪૭૩૨૧ નો સી.ડી.આર. મંગાવવા બાબતેનો રીપોર્ટ. | ૮૮ |
| ૩૪. | આરોપી, વિપુલસિંહને અટક કર્યા અંગેની નોંધ કરવા કરેલ રીપોર્ટ. | ૮૯ |
| ૩૫. | આરોપી, વિપુલસિંહની કોર્ટ કસ્ટડી સંભાળી લેવા કરેલ રીપોર્ટ. | ૯૦ |
| ૩૬. | આરોપી, વિજયાબેનની કોર્ટ કસ્ટડી સંભાળી લેવા કરેલ રીપોર્ટ. | ૯૧ |
| ૩૭. | હથિયાર બંધી અંગેનું જાહેરનામું. | ૯૨ |
| ૩૮. | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ લેટર. | ૯૩ |

## –// દસ્તાવેજી પુરાવો //–

| | | |
|---|---|---|
| ૩૮. | એફ.એસ.એલ. નો બાયોલોજી વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ. | ૯૪ |
| ૩૯. | એફ.એસ.એલ. નો સિરોલોજી વિભાગનો પૃથ્થકરણ રીપોર્ટ. | ૯૫ |
| ૪૦. | એફ.એસ.એલ. નો ઝેર શાસ્ત્રનો પૃથ્થકરણ રીપોર્ટ. | ૯૬ |
| ૪૧. | આરોપીને અટક કર્યા અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કર્યા અંગેનો રીપોર્ટ. | ૯૯ |
| ૪૨. | આરોપીને કોર્ટ કસ્ટડીમાં સંભાળી લેવા કરેલ રીપોર્ટ. | ૧૦૦ |

(૫).. ત્યારબાદ, ફરિયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આંક–૧૦૧ થી આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, *" અમારી વિરૂદ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે. અમો નિર્દોષ છીએ. અમોએ કોઈ ગુન્હો કરેલ નથી."* આ સિવાય આરોપીઓએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલ નથી.

(૬).. ત્યારબાદ, ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલો રજૂ કરવામાં આવેલ છે અને આરોપી પક્ષ તરફે મૌખિક દલીલો રજૂ કરવામાં આવેલ છે.

(૭).. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી કે.એમ.જોષી પોતાની દલીલોમાં એવુ જણાવેલ છે કે, આ કામે થયેલ મેડીકલ ઓફિસરશ્રીની જુબાની તેમજ મેડીકલ ઓફિસર રૂબરૂ આપેલ હીસ્ટ્રી તથા ફરિયાદ પક્ષ તર્ફે રજૂ થયેલ સાહેદોની જુબાની ધ્યાને લેતાં આ કામના

આરોપીઓએ મરણજનારને ઘરકંકાસ તથા આડા સંબંધનો વહેમ રાખી લોખંડની કોશ વડે માર મારતાં મરણજનારનું મૃત્યુ નીપજેલ જે હકીકત રજૂ થયેલ પુરાવાથી પુરવાર કરેલ છે. આમ, ફરિયાદ પક્ષ તેનો કેસ કડીબધ્ધ પુરાવાથી નિ:શંક પણે પુરવાર કરી શકેલ હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં ઠરાવ્યા મુજબ સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

(૮).. બચાવ પક્ષે આરોપીઓના વિ.વ.શ્રી એલ.એચ.રાણા પોતાની દલીલોમાં એવુ જણાવે છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ સચોટ અને કડીબધ્ધ પુરાવો રજૂ કરી કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. સદર કામે મહત્વના સાહેદોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષને સમર્થન કરે તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. સદર સાહેદોની જુબાની જોતાં આ કામના આરોપીઓએ મરણજનારને લોખંડની કોશ વડે માર મારેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રજૂ થયેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં કોઈએ બનાવવાળી ઘટના અંગે સમર્થન કારી નિવેદન કે પુરાવો રજૂ કરેલ નથી. આમ, તમામ હકીકતો જોતાં આખો કેસ ઉભો કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ કડીબધ્ધ પુરાવા સાથે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ આ કામના આરોપીઓએ મરણજનારને લોખંડની કોસ વડે માર મારી મૃત્યુ નીપજાવેલ હોય તેવી કોઈ હકીકત પુરાવાથી પુરવાર થયેલ નથી. આરોપીઓ મરણ જનારને મારી નાખવાના ઈરાદા સાથે લોખંડની કોશ લઈને નીકળ્યા હોય અને તે લોખંડની કોસ આરોપીઓએ મરણજનારને માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજૂ થયેલ ના હોઈ

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯).. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

–// **<u>મુ દ્ધા ઓ</u>** //–

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર, મનિષાબેન ઉર્ફે ગુગી વા./ઓ. વિપુલસિંહ બળદેવજી રણા નું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપીઓએ ભેગામળીને  મરણજનાર, મનિષાબેન નું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી ગુન્હાહિત કાવતરૂં રચેલ અને તે રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) મુજબનો ગુન્હો કરેલ છે ?

(૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપીઓએ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે ઘરકંકાસ ના કારણે તથા આડા સંબંધો બાબતે વહેમ રાખી, પૂર્વયોજીત કાવતરૂં રચી, આરોપીઓએ ફરિયાદીની દીકરી મનિષાબેનને કપાળના ભાગે લોખંડની કોશથી ગંભીર ઈજાઓ કરી, ખુન કરી, મોત નિપજાવી, પુરાવાનો નાશ કરી, મરણજનાર, મનિષાબેનનું મોત નિપજાવી, ખુન કરેલ છે. તે રીતે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૪) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપીઓએ ફરિયાદીની દીકરી મનિષાને કપાળના ભાગે લોખંડની કોશથી  ગંભીર

ઈજાઓ કરી, ખુન કરી મોત નિપજાવી, પુરાવાનો નાશ કરી, મરણજનાર, મનિષાબેનનું મોત નિપજાવી, પુરાવાનો નાશ કરેલ છે. તે રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૫) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે ચાણસોલ ગામની સીમમાં પીપળીયા વાળા નામથી ઓળખાતા આંટામાં, ખેતરોની વચ્ચે બનાવેલ ઓરડી આગળ મે. મહેસાણાના જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં, તમો આરોપીઓએ મારક હથિયાર તરીકે લોખંડની કોશ જાહેરમાં ધારણ કરી, જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૬) શું હુકમ ?

(૧૦).. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ – હકારમાં.

(૨) મુદ્દા નં.૨ – નકારમાં.

(૩) મુદ્દા નં.૩ – નકારમાં.

(૪) મુદ્દા નં.૪ – નકારમાં.

(૫) મુદ્દા નં.૫ – નકારમાં.

(૬) મુદ્દા નં.૬ – આખરી હુકમ મુજબ.

## –// કા ર ણો //–

**<u>મુદ્દા નં. ૧</u>** :–

(૧૧).. મેડિકલ ઓફિસર, સાહેદ, ડૉ. અલ્કેશ ભોગીલાલ શાહની જુબાનીથી તેમજ મરણજનાર, મનિષાબેન ઉર્ફે ગુગી વા./ઓ. વિપુલસિંહ બળદેવજી રણા ની પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથના સર્ટીફીકેટ ઉપરથી તેમજ આ કામમાં ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના શકમંદ આરોપીઓએ બનાવ સમયે ગુજરનારને માથામાં કપાળના ભાગે લોખંડની કોશ વડે પી.એમ. નોટ માં જણાવેલ ઈજાઓ જેવી ગંભીર ઈજાઓ પહોચાડતા તે ઈજાઓના કારણે તેમનુ મૃત્યુ નિપજેલ છે એટલે કે ગુજરનારનુ મૃત્યુ એ કુદરતી મૃત્યુ કે આપઘાત પ્રકારનુ મૃત્યુ ન હતુ એટલે કે ગુજરનાર મનિષાબેનનુ મૃત્યુ સદોષ માનવ વધ પ્રકારનુ અકુદરતી મૃત્યુ હતુ.

**<u>મુદ્દા નં. ૨ થી ૬</u>** :–

(૧૨).. ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૧ તરીકે આંક– ૧૦ થી ડો.અલ્કેશ ભોગીલાલ શાહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે, ''તેઓ છેલ્લા ૫ વર્ષથી મેડીકલ ઓફિસર તરીકે ખેરાલુ સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવે છે. તેઓ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ ખેરાલુ સીવીલ હોસ્પિટલ ખાતે ફરજ પર હાજર હતા તે દિવસે સાંજે ૫:૦૦ કલાકે એક લાશ પી.એસ.આઈ.શ્રી એમ.એન.હર્ષ, ખેરાલુ પો.સ્ટે.નાઓ લઈને પી.એમ. કરાવવા સારૂ લાવેલા. સદર લાશનું પી.એમ. તા.૩/૧/૧૮ ના રોજ તેઓએ તથા ડો.કે.ડી.પટેલ, મેડીકલ ઓફિસર, પી.એચ.સી.પાન્છા દવારા કરવામાં આવેલ. સદર મૃતદેહને પોલીસ પંચનામામાં જણાવ્યા મુજબના લોકો દવારા ઓળખવામાં આવેલ હતો. પી.એમ. તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ

સાંજે ૫:૩૦ વાગે શરૂ કરેલ અને સાંજે ૭:૩૦ વાગે પુરુ કરવામાં આવેલ. પોલીસના જણાવ્યા અનુસાર મૃત્યુ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારે ૮:૦૦ વાગ્યાના પહેલા માથા પર લોખંડની કોશ મારવાના કારણે થયેલ. મૃતક સ્ત્રી હીન્દુ જાતિની હતી અને તેણીની ઉંમર ૨૮ વર્ષની હતી જેણે પોલીસ પંચનામામાં જણાવ્યા મુજબના કપડા પહેરેલ હતા. મૃતકનું સ્વેટર ગળા અને કમરના પાછળના ભાગે લોહીથી ખરડાયેલ હતું અને બ્લાઉઝ કમરની પાછળના ભાગેથી લોહીથી ખરડાયેલ હતું. મૃતક સ્ત્રી સપ્રમાણ બાંધાની હતી અને તેનું શરીર ઠંડુ હતું. તેણીના બંને હાથ અને બંને પગમાં અકડાયેલ હતી. લાશના બ્લાઉઝ સિવાયના કમરના પાછળના ભાગ ઉપર અને બંને હાથ ઉપર ડાઘા હતા. લાશની આંખો બંધ હતી, મોઢુ બંધ હતું, દાંત અખંડિત હતા, જીભ મોઢાની અંદર હતી, બંને કાન અને નાકના છીદ્રોમાંથી કોઈ પ્રવાહી નીકળતુ ન હતું. લાશના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

ઈજા નં.૧ ડાબી આંખની સાઈડના ભાગે તીક્ષ્ણ ઘા હતો જે ૨ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૨ માથાના અગ્ર ભાગ ઉપર તીક્ષ્ણ ઘા હતો જે ૨ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૩ માથાના જમણી બાજુ તીક્ષ્ણ ઘા હતો જે ૩ × ૨ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૪ માથાના ઉપરના ભાગે ત્રીજા ઘાની સમાન્તર તીક્ષ્ણ ઉંડો ઘા હતો જે ૩ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૫ ત્રીજા અને ચોથા ઘા ની વચ્ચે તીક્ષ્ણ ઉંડો ઘા હતો જે ૨ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૬ માથાની પાછળના ભાગે સાઈડમાં તીક્ષ્ણ ઘા હતો જે ૨ × ૧ સે.મી.ના

માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૭ માથાની જમણી સાઈડે પાછળના ભાગે તીક્ષ્ણ ઘા હતો જે ૩ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૮ સાતમા ઘાની સમાંતરે તીક્ષ્ણ ઉંડો ઘા હતો જે ૫ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૯ માથાની જમણી સાઈડે પાછળના ભાગે તીક્ષ્ણ ઉંડો ઘા હતો જે ૪ × ૧ સે.મી.ના માપનો હતો જે હાડકા સુધી ઉંડો હતો.

ઈજા નં.૧૦ માથાના પાછળના ભાગે તીક્ષ્ણ ઉંડો ઘા હતો જે ૬ × ૧ સે.મી.ના માપનો હતો જેના હાડકાનું ફ્રેકચર હતું.

ઈજા નં.૧૧ દાઢીના ભાગે ત્રણ સમાંતર તીક્ષ્ણ ઘા હતા જે અલગ અલગ સાઈઝના હતા જેમાં પહેલો ઘા ૧ × ૦.૫ × ૦.૫ સે.મી.ના માપનો હતો અને બીજો ઘા ૧.૫ × ૦.૫ × ૦.૫ સે.મી. ના માપનો હતો તેમજ ત્રીજો ઘા ૨.૫ × ૦.૫ × ૦.૫ સે.મી.ના માપનો હતો.

આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. ખોપરીના કાનના ભાગે પાછળના અને સાઈડના ભાગે લોહી જામેલ હતું. ખોપરી માથાના પાછળના ભાગ સિવાય અખંડિત હતી. માથાના પાછળના ભાગે હેમરેજ હતું. જમણા અને ડાબા ફેફસામાં કાળા ટપકા હતા. હૃદયની ગુફાઓ ખાલી હતી. હોજરીમાં ૧૫૦ એમ.એલ. જેટલો અર્ધ પ્રવાહી ખોરાક હતો. નાના આંતરડામાં અર્ધ પચેલ ખોરાક હતો અને મોટા આંતરડામાં મળ હાજર હતો. પેશાબની કોથળી ખાલી હતી. સદર લાશ પરથી લીવરનો ટુકડો, હૃદયનો ટુકડો, ફેફસાનો ટુકડો, બરોડ તથા કીડનીના ટુકડા બોટલ નં.૧ માં એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલવા લેવામાં આવેલા તેમજ લાશ ઉપરથી બોટલ નં.૨ માં મુકવા માટે હોજરી તેના અંદરના મટેરીયલ સાથે તેમજ આંતરડાના ટુકડા એફ.એસ.એલ.માં તપાસ અર્થે લેવામાં આવેલો. સદર લાશ ઉપરથી લોહીનો

નમૂનો લેવામાં આવેલ જે ઈ.ડી.ટી.એ.ની શીશીમાં મુકવામાં આવેલ.

સદર સાહેદે વધુમાં જણાવેલ છે કે, પેનલ ડોકટરના અભિપ્રાય પ્રમાણે મૃત્યુનું કારણ માથા પર અસંખ્ય ઈજાઓ થવાથી ખોપરીના અંદરના અને બહારના ભાગે હેમરેજ થવાથી આઘાત લાગવાના કારણે મૃત્યુ થયેલ હતું. સદર સાહેદે તેમની જુબાનીમાં આંક–૧૧ વાળી પી.એમ. નોટ, આંક–૧૨ વાળુ કોઝ ઓફ ડેથનું પ્રમાણપત્ર તથા આંક–૧૩ થી ફોર્મ–૨–બીની ઓ.સી. રજૂ કરેલ છે.

બચાવ પક્ષ દવારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શાર્પ કટીંગ ઈજાઓ, ચપ્પુ, ધારીયા તેમજ તીક્ષણ હથિયાર વડે થઈ શકે. મૃત્યુનું કારણ સંભવિત જણાવેલ છે. કોલમ નં.૧૭ની બધી ઈજાઓ શાર્પ કટીંગ ઈજાઓ છે.

(૧૩) સદર સાહેદ નં.૧ ને રીકોલ કરતાં તેઓએ તેમની સરતપાસમાં વિશેષમાં જણાવેલ છે કે, આંક–૬૭ અને ૬૯ મુજબ સદર દર્દીને તપાસ્યા અંગેના સ ટીફીકેટ તથા આંક–૬૮ તથા ૭૦ થી કેસ પેપર્સ રજૂ કરેલ છે.

(૧૪) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૨ તરીકે આંક–૧૭ થી ભરતસિંહ રજુજી રાણાને તેમજ સાહેદ નં.૩ તરીકે આંક–૧૯ થી ભાથીજી જોરાજી રાજપૂતને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જયારે સાહેદ નં.૪ તરીકે આંક–૨૦ થી હંસાબેન ખુશાલભાઈને, સાહેદ નં.૫ તરીકે આંક–૨૧ થી અશ્વિનકુમાર શાંતિલાલને, સાહેદ નં.૬ તરીકે આંક–૨૫ થી અરવિંદસિંહ ગોબરજી રણાને, સાહેદ નં.૭ તરીકે આંક–૨૬ થી પ્રવિણજી પથુજી

રણાને, સાહેદ નં.૮ તરીકે આંક–૩૮ થી અસુજી લક્ષ્મણજી રણાને, સાહેદ નં.૯ તરીકે આંક–૩૯ થી પરબતસિંહ ગંભીરજી રાજપૂતને, સાહેદ નં.૧૦ તરીકે આંક–૪૫ થી ભરતજી ઈશ્વરજી ઠાકોરને, સાહેદ નં.૧૧ તરીકે આંક–૪૬ થી અરવિંદજી જગુજી હડિયોલને તથા સાહેદ નં.૧૨ તરીકે આંક–૫૧ થી અજયસિંહ ભમુજી હડિયોલને તથા સાહેદ નં.૧૩ તરીકે આંક–૫૩ થી નીકીતાબેન વસંતભાઈ સથવારા, સાહેદ નં.૧૪ તરીકે આંક–૫૯ થી કોકિલાબેન જનાર્દનભાઈ શુકલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર તમામ પંચ સાહેદોએ ફરિયાદ પક્ષના પંચનામાઓની હકીકતને સમર્થન આપેલ નથી પરંતુ સાહેદ નં.૨, ૩, ૪ નાએ આંક–૧૮ વાળા લાશના પંચનામા તેમજ સાહેદ નં.૫ અને ૬ નાએ આંક–૨૨ વાળા લાશ જે ઘરમાં પડેલ હતી તે ઘરના પંચનામામાં તેમજ સાહેદ નં.૭ અને ૮ નાએ આંક–૨૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમજ સાહેદ નં.૯ અને ૧૦ નાએ આંક–૪૦ વાળા લાશ પરથી કબજે લીધેલ કપડાના પંચનામામાં તથા સાહેદ નં.૧૧ અને ૧૨ નાએ આંક–૪૭ વાળા આરોપી વિપુલ રણાની શરીર સ્થિતિના પંચનામા તથા કપડા રજૂ કર્યાના પંચનામામાં જયારે સાહેદ નં.૧૩ અને ૧૪ નાએ આંક–૫૪ વાળા આરોપી વિજયાબાના શરીર સ્થિતિના તથા કપડા કબજે લીધાના પંચનામામાં પોતાની સહીઓ હોવાનું જણાવેલ છે જેથી ફરિયાદ પક્ષ તર્ફે સદર તમામ પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન પણ સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૧૫) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુવાર કરવા માટે સાહેદ નં.૧૫ તરીકે આંક–૬૦ થી ફરિયાદી દેવાજી શિવાજી વિહોલને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાંજ એવુ જણાવેલ છે કે, તેઓની દીકરી કઈ રીતે મરણ ગયેલી તેની તેમને કોઈ માહિતી નથી પરંતુ શકના આધારે આરોપીઓ વિરૂઘ્ધ ફરિયાદ આપેલી. તેઓની દીકરીએ આરોપીઓ અંગે કોઈ દિવસ ફરિયાદ કરેલ નહીં. તેમની દીકરી અને જમાઈને સારૂ બનતુ હતુ પરંતુ લોકોના કહેવાથી અને લોકોની ઉશ્કેરણીઓથી આરોપીઓ સામે વહેમ રાખી ફરિયાદ કરેલ છે. તેમ જણાવી આંક–૬૧ વાળી ફરિયાદ કરેલ છે જેથી સદર ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન ન કરતાં ફરિયાદ પક્ષ તર્ફે તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજૂ રાખી શકેલ નથી.

જયારે બચાવ પક્ષ તર્ફે સદર ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ અંગે તેઓન. જાત માહિતી નથી. તેમની દીકરી મનીષાને તેના પતિ તથા સાસુ–સસરા સાથે સારૂ જીવન ચાલતુ હતુ અને કોઈ જાતની ફરિયાદ ન હતી.

(૧૬) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૧૬ તરીકે આંક–૬૩ થી સાહેદ પ્રકાશબા દેવાજી વિહોલ કે જેઓ ગુજરનારના માતા છે તથા સાહેદ નં.૧૭ તરીકે આંક–૬૪ થી પરથીજી શિવાજી વિહોલ કે જે ગુજરનારના મોટા પપ્પા છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે પરંતુ સદર બંને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ના હોઈ ફરિયાદ પક્ષ તર્ફે તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં

તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજૂ રાખી શકેલ નથી.

સદર બંને સાહેદોએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની દીકરીને તેની સાસરીમાં સારૂ જીવન ચાલતુ હતુ અને કોઈ જાતની ફરિયાદ ન હતી.

(૧૭) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૧૮ તરીકે આંક–૩૧ થી સાહેદ દેવીપુજક સુરેશભાઈ કાન્તિભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેણે તેની જુબાનીમાં જણાવેલ છે કે, તે મનીષાબેનને ઓળખતો ન હતો. મનીષાબેનના લગ્ન કોની સાથે થયેલા તેની ખબર નથી અને તે મનીષાને કોઈ દિવસ મળેલ નથી. બનાવ બાબતે કંઈ જાણતો નથી. આમ, સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન ન કરતાં ફરિયાદ પક્ષ તર્ફે તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજૂ રાખી શકેલ નથી. બચાવ પક્ષે પણ સદર સાહેદની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૧૯ તરીકે આંક–૭ર થી સાહેદ વસંતકુમાર જશવંતલાલ મોચીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેણે તેની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બનાવ સમયે ગાડી ચલાવતા હતા અને બનાવ વિશે કંઈ જાણતા નથી. રાજગોર કૌશિકકુમાર મહેન્દ્રભાઈને ઓળખતો નથી. તેઓની ગાડીમાં કોઈને બેસાડેલ નથી. કોઈ સ્ત્રીને સારવાર માટે ાવેલ નથી કે આરોપીઓને ઓળખતા નથી. આમ, સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન ન કરતાં ફરિયાદ પક્ષ તર્ફે

તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજૂ રાખી શકેલ નથી. બચાવ પક્ષે પણ સદર સાહેદની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૯) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ નં.૨૦ તરીકે આંક–૭૩ થી પોલીસ સાહેદ અશોકભાઈ રઘજીભાઈ ચૌધરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ નોંધવાની અને તપાસ ડેપ્યુટ કરવાની કામગીરી કરેલ છે. ત્યારબાો ફરિયાદ પક્ષે સાહેદ નં.૨૧ તરીકે આંક–૭૬ થી ત.ક.અમલદારશ્રી મેઘરાજ નાથાલાલ હર્ષને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ તપાસની કામગીરી કરેલ છે આંક–૭૭ થી ૯૬ વાળા દસ્તાવેજો રજૂ કરેલ છે. આ સાહેદની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ આપવા ફરિયાદી આવેલા ત્યારે તેમના કુટુંબના માણસો સાથે હતા કે કેમ ? તે તેમને યાદ નથી.

ત્યારબાદ ફરિયાદ પક્ષે સાહેદ નં.૨૨ તરીકે આંક–૯૮ થી ગજેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ નાસતા ફરતા આરોપી બળદેવજીની તપાસ કરેલી અને આરોપી અટક કરી ચાર્જશીટ કરેલી અને આંક–૯૯ અને ૧૦૦ વાળા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. સદર સાહેદે તેમની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓએ આ કામના સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૨૦) બંને પક્ષની દલીલ, ફરિયાદ પક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદ પક્ષના કેસની મુખ્ય હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ મોજે ચાણસોલ ગામની સીમમાં પીપળીયા વાળા નામથી

ઓળખાતા આંટામાં, ખેતરોની વચ્ચે બનાવેલ ઓરડી આગળ, ફરિયાદીની દીકરી નામે મનિષાબેન ઉર્ફે ગુગી વા./ઓ. વિપુલસિંહ બળદેવજી રણા, ઉં.વ.આ.૨૮ નીના આરોપી નં.૧ પતિ તથા આરોપી નં.૨ સસરા તથા ચાર્જશીટ કોલમ નં.૨ માં જણાવેલ આરોપી સાસુ થતા હોઈ, ગઈ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે ઘર કંકાસ ના કારણે તથા આડા સંબંધો બાબતે વહેમ રાખી, પૂર્વયોજીત કાવતરૂં રચી, આરોપીઓએ ફરિયાદીની દીકરી મનિષાને કપાળના ભાગે લોખંડની કોશથી  ગંભીર ઈજાઓ કરી, ખુન કરી, મોત નિપજાવી, પુરાવાનો નાશ કરી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ કરી ઈ.પી.કો. કલમ–૩૦૨લ ૨૦૧, ૧ ૨૦(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ જે ખેરાલુ પો.સ્ટે.માં ફ.ગુ.ર.નં.૧/૧૮ થી નોંધવામાં આવેલ છે.

(૨૧) આ કામના ફરિયાદ પક્ષ તર્ફે તપાસેલા મેડીકલ ઓફિસરશ્રીની જુબાની ધ્યાને લેતાં આ કામના આરોપી પૈકી વિજયાબા બળદેવજી રણા કે જેઓ તપાસ દરમ્યાન મરણપામેલ છે અને તેનું આંક–૬૯ વાળુ મેડીકલ સર્ટીફીકેટ જોતાં તેણીએ એવું જણાવેલ છે કે, ગુજરનારે પહેલા જાતે અને બાદમાં આ વિજયાબાએ લોખંડની કોશ વડે મારતાં તેનું મૃત્યુ થયુ છે અને તે રીતે આરોપી વિપુલસિંહ બળદેવજી રણાનાઓએ પણ આંક–૬૭ વાળા સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબ ડોકટરશ્રી સમક્ષ જે રીતે બનાવ બનેલ છે તે વર્ણવેલ છે તેમાં પણ તેની પત્નીએ પહેલા જાતે અને પછી તેની મમ્મીએ લોખંડની કોશ વડે માર મારેલ છે. તે રીતે જોતા ડોકટરશ્રીએ જે ઈજાઓ જણાવેલ છે તે કોશ વડે થયેલ હોય તેવું માનવાને કારણ છે પરંતુ જયારે ગુજરનાર મનીષાબેને જાતે ઈજા કર્યાનું

જણાવેલ છે અને ગુજરનારને તેણીના સાસુ વિજયાબા સાથે ઝઘડો થયા અંગેની વિગતો જાહેર થયેલ છે તે જોતાં આ જે કોઈ ઈજા થયેલ છે તે અને ઘા મારેલ છે તે વિજયાબા મારેલ હોય તેવું જણાય છે પરંતુ આ વિજયાબા તપાસ દરમ્યાન ગુજરી ગયેલ છે તેથી તેની સામે કોઈ ચાર્જશીટ થયેલ નથી. ડોકટરશ્રી દવારા મૃત્યુનું કારણ સંભવિત જણાવેલ છે અને પી.એમ. નોટના કોલમ નં.૧૭ ની ઈજાઓ ચપ્પુ, ધારીયા તેમજ તલવાર જેવા તીક્ષ્ણ હથિયાર વડે થઈ શકે તેવું જણાવેલ છે જયારે તેવા કોઈ હથિયારો કબજે કરેલ હોય તેવું જણાતુ નથી. આ સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

વધુમાં ગુજરનારના પિતાશ્રી, માતૃશ્રી અને મોટા પપ્પા ને આ કામે તપાસેલ છે અને તેઓ તમામ હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને તેમને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આ સંજોગોમાં ફરિયાદીની ફરિયાદને દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાથી સમર્થન મળતુ ના હોઈ તપાસ કરનાર અમલદારની જુબાનીથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રજૂ થયેલ નથી.

ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૦ વંચાણે લેવામાં આવે તો જેમાં ખૂન અંગે જણાવેલ છે કે,

''હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોના કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે, જો જેથી મૃત્યુ નીપજયુ હોય તે કૃત્યુ મૃત્યુ નીપજાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા,

બીજુ – જો ગુનેગારને એવું જ્ઞાન હોય કે, જે વ્યકિતને શારીરીક હાની પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરીક હાની પહોંચાડવાના ઈશાદાથી કર્યુ હોય, અથવા,

ત્રીજુ – જો કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં ર્મત્યુ નીપજાવવા પુરતી હોય, અથવા,

ચોથુ – જો કૃત્યુ કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નીપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નીપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નીપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાના કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.''

આમ, ઉપર મુજબ કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેતાં આ કામના મરણજનાર મનીષાબેન ઉર્ફે ગુગીને આ કામના આરોપીઓએ મોજે ચાણસોલ ગામની સીમમાં પીપળીયા વાળા નામથી ઓળખાતા આંટામાં, ખેતરોની વચ્ચે બનાવેલ ઓરડી આગળ, ફરિયાદીની દીકરી નામે મનિષાબેન ઉર્ફે ગુગી વા./ઓ. વિપુલસિંહ બળદેવજી રણા, ઉં.વ.આ.૨૮ નીના આરોપી નં.૧ પતિ તથા આરોપી નં.૨ સસરા તથા ચાર્જશીટ કોલમ નં.૨ માં જણાવેલ આરોપી સાસુ થતા હોઈ, ગઈ તા.૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યે ઘર કંકાસ ના કારણે તથા આડા સંબંધો બાબતે વહેમ રાખી, પૂર્વયોજીત કાવતરૂં રચી, આરોપીઓએ ફરિયાદીની દીકરી મનિષાને કપાળના ભાગે લોખંડની કોશથી ગંભીર ઈજાઓ કરી, ખુન કરી, મોત નિપજાવી, પુરાવાનો નાશ કરી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય તે હકીકત ફરિયાદ પક્ષ આ કામે રજૂ થયેલા પુરાવા ઉપરથી નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં.૨ થી ૪ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવેલ છે.

(૨૨) વધુમાં આરોપીઓ ઉપર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના

જાહેરનામાનો ભંગ કરેલાનો આક્ષેપ છે. આંક-૯૨ થી હથિયાર બંધીનું જાહેરનામું ત.ક.અમલદારશ્રીએ તેમની જુબાની દરમ્યાન રજૂ કરેલ છે પરંતુ સદર જાહેરનામાની યોગ્ય પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી તે સંબંધે કોઈ સાહેદને આ કામે તપાસેલ નથી. મારક હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસના પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ થયેલ છે અને એકપણ સાહેદે આરોપીના હાથમાં લોખંડની કોશ જોઈ હોય તેવી હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જાહેર કરેલ નથી.

આમ, સદર બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોય અને તેનો આ કામના આરોપીઓએ ભંગ કરેલ હોય તેવી હકીકત ફરિયાદ પક્ષ રજૂ પુરાવા તેમજ કાયદાની જોગવાઈ મુજબ પુરવાર કરી શકેલ ના હોઈ મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

(૨૩) આમ, ઉપર કરેલ ચર્ચા, પુરાવાનું મુલ્યાંકન તેમજ બંને પક્ષે રજૂ થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ થી ૫ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-// આ ખ રી હુ ક મ //-

- આરોપીઓ, નં.૧. રણા વિપુલસિંહ બળદેવજી તથા નં.૨. રણા બળદેવજી ચંદાજી, બંન્ને રહે. ચાણસોલ, ભેંમજી વાસ, નાની ઓળ, તા.ખેરાલુ, જી.મહેસાણા વાળાઓને, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) મુજબ, ખેરાલુ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નં.૦૧/૨૦૧૮ થી ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી. પી. એક્ટની

કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામેથી શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

◆ મુદ્દામાલ ઈકો ગાડી અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ રાખવામાં આવે છે અને બાકીના મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

◆ જે આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન જામીન અને જામીનખત રજૂ કરેલ હોય તે આરોપીઓના જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

◆ આજરોજ મજકૂર ઠરાવ સામે નામદાર ગુજરાત હોઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

◆ આરોપીઓએ પોતાનું સરનામું, કોન્ટેકટ નંબર સાથે દિન–૭ માં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦મી માહે નવેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૩૦/૧૧/૨૦૧૯.
સ્થળ – વિસનગર.

( ઉપેન્દ્ર મહાશંકર ભટ્ટ)
Code No.GJ–00589
ચોથા એડીશનલ સેશન્સ જજ,
મહેસાણા, મુ.વિસનગર.